# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૦૪-૦૪-૨૦૨૩**

ગુજરાત સરકારના ગૃહરાજ્યમંત્રીશ્રી પત્રકાર પરિષદમાં "કિરણ પટેલને અમારી સરકારે પકડ્યા છે" ખુદની પીઠ જાતે થાબડીને વાહવાહી લૂંટવાના કરી રહેલા વધુ એક પ્રયાસ અંગે જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ઠગ કિરણ પટેલના અનેક ભાજપ નેતા - મહાનુભાવો - મંત્રીશ્રીઓ સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ સાથેના ફોટોગ્રાફ કિરણ પટેલના વેરીફાઈડ સોશિયલ મિડિયા એકાઉન્ટ પર છે. અધિકારીની કે પદાધિકારીઓની શું નિકટતા આ ઠગ કિરણ પટેલ સાથે છે ? એ વાત તો ચોકક્સ છે કે આ રાષ્ટ્રીય સુરક્ષામાં ગંભીર ચૂક છે. મુખ્ય સવાલ સંવેદનશીલ વિસ્તારનો છે, રાષ્ટ્રીય સુરક્ષા એ ગંભીર અને ચિંતાની બાબત છે. નકલી પીએસઆઈની ટ્રેનિંગ લઈ શકે અને કિરણ પટેલ ઝેડ પ્લસ સિક્યોરિટી સાથે ફરે ત્યારે ઠગની ગોઠવણ કોણે કરી તેની તપાસ જરૂરી છે. કિરણ પટેલના સોશિયલ મીડિયામાં તમામ વિડીઓની તપાસ થવી જોઈએ. આ કોઈ વિશેષ જવાબદારી હતી કે નકલી વ્યવસ્થા હતી? ભાજપ સરકાર - ગૃહરાજ્ય મંત્રીશ્રી જવાબ આપે.

1. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં વર્ષો જુના અધિકારી કિરણ પટેલને શું શું વ્યવસ્થામાં મદદ કરતા હતા ?
2. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના પી.આર.ઓ. ના પુત્ર જે ભાજપાના પદાધિકારી અને કિરણ પટેલ કઈ પ્રકારની વ્યવસ્થામાં જોડાયેલા હતા?
3. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના પી.આર.ઓ.ના પુત્ર જે ટેકનોલોજી કંપની - સી.સી.ટી.વી. માટે કેટલા કરોડના ગુજરાત સરકારના કામોના લાભાર્થી હતા ?
4. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના પી.આર.ઓ.ના રાજીનામાં એ આગળની તપાસ ના થાય તે માટેની ગોઠવણ છે કે પછી અનેક પ્રકારની ગોઠવણો ખુલ્લી ના પાડે તે માટેનો સેઈફ ગેટ આપવામાં આવ્યો છે ?
5. ઉચ્ચ પદાધિકારીઓ અને પોલીસ અધિકારીઓને બચાવવા માટે કે પછી કિરણ પટેલના વિશેષ સંબંધો જાહેરના થાય તે માટે હજુ સુધી કેમ ગંભિર કલમો લગાવવામાં આવી નથી ? તે પાછળનો તર્ક શું છે ?
6. કેમ આરોપી કિરણ પટેલને આધિકારીઓ કે સુરક્ષા વિભાગ ઓળખી ન શક્યા ?
7. પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ પણ કિરણ પટેલના ઝાંસામાં કેમ આવી ગયા કે પછી કોઈ ગોઠવણ હતી?
8. ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી છતાં કેમ ઠગબાજની ઓળખ ન થઈ ? જમ્મુ કાશ્મીર જેવા સંવેદનશીલ વિસ્તારમાં આટલી મોટી સુરક્ષા ચૂક કેમ ? આરોપી બોર્ડર સુધી પોલીસ રક્ષણમાં ફર્યો છતાં કેમ કોઈને ગંધ ન આવી?
9. હિતેશ પંડ્યા સ્થાપિત "નેશન ફર્સ્ટ" સંસ્થા અને કિરણ પટેલની "રાષ્ટ્ર પ્રથમ" સંસ્થા વચ્ચે શું સંબંધ છે? બંને સસ્થામાં કોના ડોનેશન આવ્યા ?
10. ઠગ કિરણ પટેલની રાષ્ટ્ર પ્રથમ સંસ્થા દ્વારા G-20 ની બેઠકના આયોજન માટે ઉચ્ચ અધિકારીઓની ફોટા સાથેની આમંત્રણ પત્રિકા માટે કેન્દ્ર સરકાર, પ્રધાનમંત્રીશ્રીનું કાર્યાલય, વિદેશ મંત્રાલય ભારત સરકાર અને ગુજરાત સરકારની મંજુરી આપવામાં આવી હતી ?
11. લાખો રૂપિયાનો દારૂ પકડાય ત્યારે વાહવાહી લુંટતી સરકાર એ તો જવાબ આપે કે કરોડો રૂપિયાનો ગેરકાયદેસર ઠલવાતા દારૂ માટે ભાજપ સરકાર - ગૃહ વિભાગ જવાબદારી કેમ સ્વિકારતા નથી ?
12. લાખો રૂપિયાની રેતી, માટી, પથ્થર, કિમતી ખનીજ ચોરી પકડાય ત્યારે વાહવાહી લુંટતી સરકાર એ તો જવાબ આપે કે અબજો રૂપિયાની ખનીજ ચોરી માટે કેમ જવાબદારી સ્વિકારતી નથી ?

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા